
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ઃ આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ની સવારે 9:15 વાગ્યે જનરલ સામ માણેકશાએ લેફ્ટનન્ટ-જનરલ જેકબને તાત્કાલિક ઢાકા પહોંચવા અને જનરલ નિયાઝીને મળી એ જ સાંજે શરણાગતિની કાનૂની ઔપચારિકતા પૂરી કરી દેવા સૂચના આપી. લેફ્ટનન્ટ-જનરલ જેકબે પૂછ્યું: 'શરણાગતિ અંગે નિયાઝી સમક્ષ રજૂ કરવાની શરતો કઈ?'

'મને આવા સવાલો પૂછવાનું રહેવા દો. ઢાકા તરત જાઓ અને શરણાગતિનો કાગળ લખાવી લો. શું કરવાનું છે એ તમે સારી રીતે જાણો છો.'

સેનાપતિ જનરલ સામ માણેકશા તેમના સંપર્કમાં આવે તે વ્યક્તિની સારી રીતે પરખ કરી જાણતા હતા. એક વાર ભરોસો બેસી જાય, એટલે પછી તેને જવાબદારીનું કામ જાતે ફોડી લેવા દે. જવાબદારી બજાવવા માટે પૂરી સત્તા પણ આપી દે. માણેકશાની અધિરાઈએ જેકબને પળભર આશ્ચર્યમાં નાખ્યા, પણ શરણાગતિનું કાર્ય તાત્કાલિક પતાવી લેવા પાછળનું કારણ પામી જતાં વાર લાગી નહિ. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની 4 Corps ઢાકા સુધી પહોંચી ચૂકી હતી અને જૈસોર પણ કબજે કરી લેવાયું હતું. આમ છતાં હજી કેટલાંક શહેરો પર ભારતે કબજો જમાવવાનો બાકી હતો. આપણા જવાનોએ તેના માટે લડવું પડે અને સારો એવો ભોગ આપવો પડે એ કરતાં MiG-21 વિમાનોના પેલા બે જડબેસલાક રોકેટમારાઓ બાદ કારમી વાસ્તવિકતાની જમીન પર આવી ગયેલા નિયાઝી યુદ્ધવિરામ જાહેર કરી તેમના સૈનિકોને શસ્ત્રો હેઠાં મૂકવાનું જણાવી દે તો માથાફરેલ પ્રમુખ રિચાર્ડ નિક્સનને ઈસ્લામાબાદના પક્ષે અને ભારતની સામે લશ્કરી કાર્યવાહી હાથ ધરવાનો ચાન્સ મળે તેમ ન હતો.

ભારતના હાથે કારમો પરાજય વેઠતા પહેલાં જનરલ અબ્દુલા નિયાઝીના રોફરૂઆબનો જવાબ ન હતો.





101 Communication Zone ના કમાન્ડિંગ ઑફિસર મેજર-જનરલ ગાંધર્વ નાગરા

જનરલ અબ્દુલા નિયાઝી સાચે જ બાજી ગુમાવ્યાની વાસ્તવિકતા સ્વીકારી ચૂક્યા હોય તેમ જનરલ લેફ્ટનન્ટ-જનરલ જેકબનું આગમન થતું હોવાનું જાણ્યા પછી તેમણે જેકબને પોતાની સાથે બપોરનું ભોજન લેવા આમંત્રણ પાઠવ્યું. આમંત્રણ સ્વીકારવું કે કેમ તે જેકબે જનરલ માણેકશાને પૂછ્યું ત્યારે માણેકશાએ પ્રત્યુત્તર મુલતવી રાખ્યો, કેમ કે એ વાતનું મહત્ત્વ ન હતું. થોડા કલાકો પછી જેકબને Instrument of Surrender નામનો દસ્તાવેજ પહોંચાડવામાં આવ્યો. અગાઉ જણાવ્યું તેમ નિયાઝીએ ઢાકાની Intercontinental Hotel ને પોતાનું નવું હેડ્ક્વાર્ટર્સ બનાવી હતી. આ હોટલમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના પ્રતિનિધિઓ, રેડ ક્રોસના કર્મચારીઓ તેમજ પૂર્વ પાકિસ્તાનના સરકારી અમલદારોએ આશ્રય લીધો હતો.


લેફ્ટનન્ટ-જનરલ જેકબ તથા 101 Communication Zoneના કમાન્ડિંગ ઑફિસર મેજર-જનરલ નાગરા હેલિકોપ્ટર દ્વારા હોટલે પહોંચ્યા અને શરણાગતિનો દસ્તાવેજ રજૂ કર્યો. દસ્તાવેજ મુજબ પાકિસ્તાન લશ્કરે ભારત તથા બાંગલાદેશ એમ બન્ને દેશોના સંયુક્ત હાઈ-કમાન્ડના શરણે થવાનું હતું. પૂર્વ પાકિસ્તાનમાં પાક ગર્વનરના લશ્કરી સલાહકાર મેજર-જનરલ ફરમાન અલીએ દસ્તાવેજની કલમો વાંચી કે તરત વાંધો ઊઠાવ્યો, કારણ કે તેમાં પાક લશ્કરે ભારત ઉપરાંત બાંગલાદેશના શરણે થવાનો મુદ્દો હતો. જનરલ નિયાઝીને પણ તે અપમાનજનક લાગ્યું, એટલે તેઓ બોલ્યા: 'Jacob Sahib, you are asking for an

unconditional surrender.'

'General Niazi, if you do not accept the terms spelt out, we cannot be held responsible for your safty. And may I add, we will have no alternative but to immdiately resume full scale offensive operations--starting with air attacks.'

લેફ્ટનન્ટ-જનરલ જેકબના શબ્દોએ નિયાઝીના ચહેરાને ફિક્કો પાડી દીધો. સંભવિત છે કે તેમને આપણા MiG-21 સુપરફાઇટર વિમાનોએ કરેલા બે વિનાશક રોકેટમારાઓ યાદ આવ્યા. કેટલીક મિનિટો સુધી તેઓ મૌન રહ્યા. શો જવાબ દેવો એ તેમને કદાચ સૂઝતું ન હતું. કોઇ ચોક્કસ પ્રકારનો નિર્ણય લેવાનો તેમને અધિકાર પણ ન હતો. જેકબ માનસિક દબાણ લાવવા માટે ઊભા થયા અને બોલ્યા: 'General Niazi, I am giving you 30 minites to make up your mind.'

ચીમકી આપીને જેકબ બેઠકરૂમની તરત બહાર નીકળી ગયા અને કોરિડોરમાં આંટા મારવા લાગ્યા. જો કે અંદરખાને તો તેઓ અસમંજસમાં હતા. નિયાઝી સ્પષ્ટ નનૈયો ભણી



INSTRUMENT OF SURRENDER

The PAKISTAN Eastern Command agree to surrender all PAKISTAN Armed Forces in BANGLA DESH to Lieutenant-General JAGJIT SINGH AURORA, General Officer Commanding in Chief of the Indian and BANGLA DESH forces in the Eastern Theatre. This surrender includes all PAKISTAN land, air and naval forces as also all para-military forces and civil armed forces. These forces will lay down their arms and surrender at the places where they are currently located to the nearest regular troops under the command of Lieutenant-General JAGJIT SINGH AURORA.

The PAKISTAN Eastern Command shall come under orders of Lieutenant-General JAGJIT SINGH AURORA as soon as this instrument has been signed. Disobedience of orders will be regarded as a breach of the surrender terms and will be dealt with in accordance with the accepted laws and usages of war. The decision of Lieutenant-General JAGJIT SINGH AURORA will be final, should any doubt arise as to the meaning or interpretation of the surrender terms.

Lieutenant-General JAGJIT SINGH AURORA gives a solemn assurance that personnel who surrender shall be treated with dignity and respect that soldiers are entitled to in accordance with provisions of the GENEVA Convention and guarantees the safety and well-being of all PAKISTAN military and para-military forces who surrenders. Protection will be provided to foreign nationals, ethnic minorities and personnel of WEST PAKISTAN origin by the forces under the command of Lieutenant-General JAGJIT SINGH AURORA.

(JAGJIT SINGH AURORA)
Lieutenant-General
General Officer Commanding in Chief
India and BANGLA DESH Forces in the
Eastern Theatre
16 December 1971.

(AMIR ABDULLAH KHAN NIAZI)
Lieutenant-General
Martial Law Administrator Zone B and
Commander Eastern Command (Pakistan)
16 December 1971

India Strategic

*શરણાગતિનો ઐતિહાસિક દસ્તાવેજ, જેના પર અરોરા તથા નિયાઝીએ હસ્તાક્ષર કર્યા.*

*સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં ચાલુ બેઠકે ઘાંટા પાડ્યા બાદ 'વૉક આઉટ' કરી જવો એ ભુટ્ટોની વર્ષો જૂની ખાસિયત હતી.*



દે તો પછી શું કરવું? ભારત એ સંજોગોમાં ક્યા પ્રકારનું અલ્ટિમેટમ આપી શકે કે જે નિયાઝીને ઝુકાવી દે?

■

ઢાકાની Intercontinental Hotel માં બે સેનાપતિઓ આવી રીતે ભેટો થયો એ જ વખતે હજારો કિલોમીટર છેટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની જનરલ એસેમ્બ્લીમાં પોલેન્ડ દેશે ભારત-પાક યુદ્ધનો અંત લાવવા યુદ્ધવિરામનો ખરડો રજૂ કર્યો. મરચાંની ધૂણી જેવા મિજાજના ઝુલ્ફીકાર અલી ભુટ્ટો તે સમયે પોતાની મૂર્ખતા વડે ભારતની મદદે આવ્યા. ખરડામાં ભારતને 'હુમલાખોર' લેખાવામાં આવ્યું ન હતું. આ શબ્દ બાકાત રખાયા સામે તેમણે વાંધો ઊઠાવ્યો. અમુક કે તમુક મુદ્દા પર શાંતિપૂર્વક દલીલો પેશ કરી શકાય, પરંતુ શિષ્ટ ભાષા સાથે ભુટ્ટોને બાર ગાઉને બદલે બાર પ્રકાશવર્ષ જેટલું છેટું હતું. UNO જેવી સંસ્થામાં અનેક દેશોના પ્રતિનિધિઓ જ્યાં બેઠા હોય ત્યાં કદાપિ ન વાપરવાના હોય એવા શબ્દોના ફૂંફાડા કાઢીને તેમણે ખરડાને ત્યાં ને ત્યાં ફાડી નાખ્યો અને જનરલ એસેમ્બીની બહાર જતા રહ્યા. UNO ખાતેના અમેરિકી તેમજ બ્રિટિશ પ્રતિનિધિઓ પણ સ્તબ્ધ બન્યા. આમ છતાં તેમનો ઝોક તો પાકિસ્તાન તરફ જ હતો. આથી તેમણે નવેસરનો ખરડો તૈયાર કરવા માટે પ્રસ્તાવ મૂક્યો. ભુટ્ટોએ તેમના બાલિશ નાટકવેડા વડે ભારતને બાંગલાદેશમાં પડેલી મડાગાંઠ ઉકેલવા માટે કેટલોક સમય ફાળવી આપ્યો. કંઇ નહિ તો એ રીતે તેઓ (ભલે નાસમજીપૂર્વક) ભારતના પક્ષકાર બન્યા.

આ દરમ્યાન ઢાકા ખાતે લેફ્ટનન્ટ-જનરલ જેકબ હજી કોરિડોરમાં લટારો મારી રહ્યા હતા. ફરી વખત જ્યારે બે જણા ભેગા મળ્યા ત્યારે નિયાઝીએ જાણે અંધારામાં સિટી મારતા હોય એમ હિંમતનો ડોળ કરી જણાવ્યું કે તેમની પાસે આશરે ૩૦,૦૦૦ પાક સૈનિકો ભારત સામે લડવા માટે મોજૂદ હતા.

'કેટલો વખત સુધી લડી શકવાના છો?' જેકબ બોલ્યા: 'તમારી પાસે ૩૦,૦૦૦ નહિ, પણ અમે માંડેલી ગણતરી



પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા •
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ •
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી •
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

મુજબ ૨૬,૪૮૦ સૈનિકો છે, જ્યારે અમારા ૧૫,૦૦૦ જવાનો તમારા દરવાજે આવી પહોંચ્યા છે. ઉપરાંત બીજા હજારો જવાનો ઢાકા તરફ આવી રહ્યા છે. હવાઈ ઍટેક તો થોડી જ મિનિટોમાં શરૂ કરી દઈશું. વિચારી જોજો.'

લેફ્ટનન્ટ-જનરલ જેકબે ૧૫,૦૦૦નો જે આંકડો સંભળાવ્યો તે ખોટો હતો. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહના માત્ર ૩,૦૦૦ છત્રીસૈનિકો ઢાકા પહોંચ્યા હતા, પણ નિયાઝી પર માનસિક દબાણ લાવવા જૂઠનો સહારો લેવાનું જરૂરી હતું. ઉલ્લેખનીય છે કે જનરલ નિયાઝીએ ભારત સામે લડત ચાલુ રાખવાનું નક્કી કર્યું હોત તો સહેજે બે અઠવાડિયાં ખેંચી નાખત, જે સમયગાળો સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દ્વારા યુદ્ધવિરામ લાગુ પાડી દેવા માટે પૂરતો હતો. ભારતે બધા જ પાકિસ્તાની સૈનિકોને યુદ્ધકેદી બનાવ્યા વગર છોડી દેવાના થાત અને તે પગલું ભારતની બધી મહેનત પર પાણી ફેરવી દેત તેમાં શંકા ન હતી.

■

ઢાકા Intercontinental Hotel ની પરસાળમાં લટારો મારી રહેલા લેફ્ટનન્ટ-જનરલ જેકબે પોતાની રિસ્ટ વૉચમાં સમય તપાસ્યો. નિયાઝીને તેમણે આપેલી ૩૦ મિનિટ પૂરી થયેલી જોતાં સિગારનો છેલ્લો કશ ખેંચી તેઓ ફરી બેઠકરૂમમાં પ્રવેશ્યા અને ચોખ્ખા શબ્દોમાં પૂછ્યું: 'General, do you accept the terms of the draft document now on your table?'

નિયાઝી મૌન હતા. અત્યંત ગમગીન હતા. આંસુ માંડ ખાળી રહેલા, પણ છેવટે બન્ને આંખો વાટે ધારાઓ વહેવા લાગી.

'General,' જેબકે કહ્યું: 'I hope you understand; the Mukti Bahini are already all over this town. Thay are baying for your blood. if you do not surrender we can do nothing to protect you.'

જનરલ નિયાઝી ચૂપ જ રહ્યા. કદાચ બોલવા જેટલી હામ ન હતી. શ્વાસોચ્છ્વાસ ઝડપભેર ચાલતો હતો, જે તેમના ગભરાટનો સૂચક હતો.

'General, your officers have their families here. Have you thought of them? You know what your men have been doing to the Bengali women? The Muktis will slaughter you mercilessly. I ask you again-- do you accept the terms spelt out in this document?'

નિયાઝી હજી પણ ખામોશ હતા. દયામણા મોઢે તેઓ જેકબની આંખો સામે નજર માંડી રહ્યા.

'General, from your silence I see that you have understood.' જેકબ ધીમે રહીને બોલ્યા, પછી દસ્તાવેજ હાથમાં લીધો, ઊભા થતી વખતે ખુરશી જોરમાં પાછળ તરફ ધકેલી અને બોલ્યાઃ 'I take this document signed.'

'General, you will surrender to Lft. Gen. Jagjit Singh Aurora today at 6:30 hours at the Race Course. A combined Gaurd of Honour will be given to General Aurora by Indian and Pakistani detachments. You will surrender your sword to him.'

'I do not have sword here,' નિયાઝીએ જણાવ્યું.

'Then you will surrender your pistol.'



*પાક સૈનિકોને મદદરૂપ થયેલા બિહારી રઝાકારો બંગાળી મુસ્લિમોના આક્રોશનો ભોગ બન્યા અને કેટલાયને લોકોએ શૂટ કરી દીધા.*

નિયાઝીનું મૌન તેમની અનુમતિનું તેમજ શરણાગતિનું સૂચક હતું. કદાચ તેમને એમ લાગ્યું હોય કે પરાજયની નામોશી વેઠવા કરતાં જીવતા રહી શકાય એ વધારે મહત્ત્વનું હતું. આમેય તેમને સમાચારો મળી રહેલા કે મુક્તિ વાહિનીઓના ક્રાંતિકારીઓ પાક લશ્કર સાથે મીલીભગત ધરાવતા બિહારી રઝાકારોને તથા અન્સારોને (અન્સારી જાતના મુસ્લિમોને) શોધી શોધીને રાઈફલની બેયોનેટ ભોંકીને બેરહેમીપૂર્વક મારી રહ્યા હતા. આ જાતનું ભૂંડુ મોત એકાદ લાખ જેટલા પાક સૈનિકોએ અને તેમના કુટુંબીજનોએ વેઠવાનું થાય એ ખ્યાલ જ થરથરાવી મૂકે તેવો હતો.

■

બપોર પછી 4:30 વાગ્યે ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરા હેલિકોપ્ટર દ્વારા ઢાકા ઍરફીલ્ડ પર ઊતર્યા. વિજયની સવારી પ્રભાવશાળી હતી. રશિયન Mi-4 પ્રકારનાં હેલિકોપ્ટરો પાંચ તથા Alouette હેલિકોપ્ટરો ચાર હતાં. નિયાઝી અને જેકબ બન્નેએ તેમનું સ્વાગત કર્યું. આગંતુકોમાં ઍર-માર્શલ દીવાન, વાઈસ-ઍડમિરલ કૃષ્ણન્ અને લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ પણ હતા. જગજિતસિંહ અરોરા તેમની પત્નીને પણ સાથે લાવ્યા હતા. (આ પગલું કેટલી હદે યોગ્ય લેખાય તે સવાલ હતો.) મોટરકારમાં શ્રીમતી અરોરા પતિની બાજુવાળી સીટ પર બેઠાં, એટલે લેફ્ટનન્ટ-જનરલ જેકબ માટે જગ્યા ન રહી અને તેમણે paratroopers ની જીપમાં પ્રવાસ કરવો પડ્યો. જે તેમના જેવા વરિષ્ઠ અફસર માટે અમુક હદે અપમાનજનક હતું.



*આ તસવીરમાં લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ, પરાજિત જનરલ નિયાઝીની બિલકુલ પાછળ છે. ડાબી તરફ વાઈસ-ઍડમિરલ કૃષ્ણન પછી ઍર માર્શલ દીવાન અને સાગતસિંહની ડાબી બાજુએ લેફ્ટનન્ટ-જનરલ જેકબ છે.*

શરણાગતિનો કાર્યક્રમ રેસ કોર્સ ખાતે યોજાવાનો હતો. જનરલ અરોરાએ તેમજ જનરલ નિયાઝીએ Guard of Honour નું નિરીક્ષણ કર્યું અને પછી Instrument of Surrender પર હસ્તાક્ષરો માટે એકમેકની બાજુમાં બેઠા. જનરલ અરોરાએ પરાજિત જનરલને પોતાની મોંઘી શેફર ફાઉન્ટન પેન આપી. નિયાઝીએ હસ્તાક્ષર કર્યા. કારમા પરાજયના આઘાતે ભીની કરી મૂકેલી તેમની આંખો નીચે કાળાં કુંડાળાં રચાયેલાં હતાં. પિસ્તોલ કાઢીને ટેબલ પર મૂકી, જે તેમની બિનશરતી શરણાગતિની પ્રતીક હતી. સ્ટેડિયમ એ જ વખતે 'જોય બાંગલા!' ના હર્ષનાદ સાથે ગાજી ઊઠ્યું. જો કે બંગાળી મુસ્લિમોનો ક્રોધ સમાતો ન હતો અને તેઓ જમીન પર બેઠેલા પાકિસ્તાની સૈનિકો પર તૂટી પડવા માટે તલપાપડ હતા, પરંતુ ભારતીય સૈનિકોની હરોળે તેમને બળપૂર્વક જ્યાંના ત્યાં રોકી દીધા.

જનરલ અબ્દુલા નિયાઝીએ કરેલા હસ્તાક્ષરો સાથે પાકિસ્તાનનો ઈતિહાસ તથા ભૂગોળ બન્ને સામટા બદલાયા અને બાંગલાદેશના નામના સ્વતંત્ર નવા રાષ્ટ્રએ જન્મ લીધો. વહેલુંમોડું એમ જ બનવાનું હતું. મોહમ્મદ અલી ઝીણાએ વર્ષો અગાઉ જે Two Nation થિઅરી રજૂ કરી તે બરાબર એ જ ક્ષણે મૃત્યુ પામી. સાબિત થયું કે રાષ્ટ્ર કદી ધર્મની બુનિયાદ પર રચાય નહિ અને જો રચાય તો ગમે તેટલી લશ્કરી તાકાત એ રાષ્ટ્રને લાંબો સમય ટકાવી શકે નહિ.

ઓગણીસમી સદીમાં ફ્રાન્સનો તત્વજ્ઞાની, નાટ્યકાર, વિચારક, કવિ અને સમાજવિજ્ઞાનનો પ્રખર અભ્યાસી વિક્ટર યુગો કહી ચૂકેલો કે:

'No Army can withstand the strength of an Idea whose time has come.'

ભારત-પાક યુદ્ધમાં એ ટાઇમ ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ના સાંજના 6:30 વાગ્યાનો હતો. •

**સમાપ્ત**